કેસ રજુ થતા તારીખ :–૩૧/૧૨/૨૦૦૫

કેસ રજી. નોંધ્યા તારીખ :–૩૧/૧૨/૨૦૦૫

કેસ ફેંસલ થયા તારીખ :–૧૬/૦૪/૨૦૨૨

**સમયગાળો:– વર્ષ–૧૬,માસ–૦૩,દિવસ–૧૬**

**અમદાવાદના મે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની**
**કોર્ટ નંબર–૧૯, અમદાવાદ.**

**ક્રિમિનલ કેસ નંબર–૩૭૬૭/૨૦૦૫**
**આંક:–૦૮**

**ફરીયાદી:**– શ્રી સરકાર

વિરુધ્ધ

**આરોપી:– હસનભાઈ રસુલભાઈ મનસુરી**

રહે.ઈલાબેન ઘાટની પાસે, ગુલમોહર ટેનામેન્ટ,

વિભાગ–૨,દાણીલીમડા, અમદાવાદ.

**ગુન્હો: ઈ.પી.કો.કલમ– ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ**
**કલમ–૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબ**

.........................................................................

**વકીલશ્રીઓ:–**
ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ધર્મેશભાઈ ઠાકોર
બચાવપક્ષે વિધ્વાન વકીલશ્રી કે.બી.પ્રસાદ

.........................................................................

## -:: <u>ચુ કા દો</u> ::-

(૧)આરોપી સામે ફરીયાદ પક્ષના કેસનીં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાની આઈસર ગાડી નં. જી.આર.એન.૫૬૦૧ ની તારીખ-૧૦/૧૧/૨૦૦૫ ના કલાક-૧૨:૦૦ વાગ્યે ઈસનપુર ચાર રસ્તા પાસે નરોડા તરફથી પુરઝડપે બેદરકારી ગફલતભરી રીતે ચલાવી લાવી પસાર થતા ફરીયાદી સ્પેન્ડર નં.જીજે-૧-સીએમ-૯૭૪૨ ના ચાલકને ટકકર મારતા ફરીયાદીને જમણા હાથના બાવળા ઉપર ફ્રેકચર કરેલ તથા જમણી આંખે તથા જમણા પગના ઢીચણ પર તથા સાહેદ નં.૭ ગુલામ હુસેન ને માથાના ભાગે ઈજા કરેલ તે બાબતે <u>વટવા પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.૭૮૬/૨૦૦૫</u> થી ગુનો દાખલ કરવામાં આવેલ જેમાં તપાસના અંતે તપાસ કરનાર અમલદારે આ કામના આરોપી વિરૂધ્ધ <u>ભારતીય દંડ સહિંતાની કલમ-૨૭૯,૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪(બી)</u> મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ આ અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે.

(૨)પોલીસે દાખલ કરેલા ચાર્જશીટના આધારે ગુનાનું કોગ્નીઝન્સ લઈ આરોપીને પ્રોસેસ કરતાં આરોપી અદાલત સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ છે,વધુમાં તેઓને લીગલ એઈડ બાબતે પુંછતાં તેઓએ પોતાના બચાવમાં ખાનગી વકીલ રોકેલ હોવાનું જણાવેલ છે.

(૩)આરોપી સામે પોલીસ પેપર્સના આધારે <u>આંક-૦૩ થી આરોપીની પ્લી</u> રેકર્ડ કરવામાં આવતાં તેઓએ ગુન્હાની કબુલાત નો ઈન્કાર કરેલ છે અને ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાં જણાવવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષ તરફે એ.પી.પીશ્રી ધ્વારા સદર કેસ પ્રોસીકયુશન કરવામાં આવેલ છે અને આરોપી સામેનો ગુન્હો પુરવાર કરવા માટે નીચે જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

(૫) ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખીક તથા લેખીત દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**<u>મૌખીક પુરાવો</u> :–**

૧. આંક–૦૪ થી ફરીયાદી પ્રભુદાસ અમથારામ પંચાલની જુબાની.

**<u>લેખીત પુરાવો</u> :–**

૧.આંક–૦૫ થી ફરીયાદ,

૨.આંક–૦૬ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ.

– ઉપરોકત પુરાવો રજુ થયા બાદ ફરિયાદપક્ષ ધ્વારા આંક–૦૭ થી વધુ પુરાવો તપાસવો નથી તે મતલબની કલોઝીંક પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

(૬)ફરીયાદ પક્ષ ધ્વારા ઉપરોકત રજુ કરવામાં આવેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાના આધારે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીના વિશેષ નિવેદન લેવામાં આવેલ છે.જેમાં આરોપીએ પોતાની સામેનો આ ખોટો કેસ છે. પોતે નિર્દોશ છે. તેવી રજુઆત કરેલી છે.વિશેષમાં આરોપી પોતાના બચાવમા કોઈ મૌખિક કે, દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ. એ.પી.પીશ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રીઓને સાંભળવામાં આવેલ છે.

(૭) આ કેસના આખરી નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થાચ છે.

**::– <u>મુ દૃા ઓ</u> –::**

**: ૧ :** શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ પોતાના કબજાની આઈસર ગાડી નં. જી.આર. એન. ૫૬૦૧ ની તારીખ–૧૦/૧૧/૨૦૦૫ ના કલાક–૧૨:૦૦ વાગ્યે ઈસનપુર ચાર રસ્તા પાસે નરોડા તરફથી પુરઝડપે બેદરકારી ગફલતભરી રીતે ચલાવી લાવી પસાર

થતા ફરીયાદી સ્પેન્ડર નં.જીજે–૧–સીએમ–૯૭૪૨ ના ચાલકને ટકકર મારતા ફરીયાદીને જમણા હાથના બાવળા ઉપર ફ્રેકચર કરેલ તથા જમણી આંખે તથા જમણા પગના ઢીચણ પર તથા સાહેદ નં.૭ ગુલામ હુસેન ને માથાના ભાગે ઈજા કરી , ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪,૧૩૪(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ કરેલ છે?

**: ૨ :** શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

: ૧ : નકારાત્મક.

: ૨ : આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત નિર્ણયોના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

**–: કા ર ણો :–**

**મુદ્દા નં.૧ તથા ૨ :–**

–ઉપરોકત બન્ને મુદ્દાઓ એક બીજા સાથે સંકળાયેલા હોય પુરાવાના બીનજરૂરી પુનરાવર્તન નીવારવા મુદ્દા નં.૧ તથા ૨ એમ બન્ને મુદ્દાની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવે છે.

(૧૦) ફરિયાદપક્ષે **આંક–૦૪** થી **ફરીયાદી પ્રભુદાસ અમથારામ પંચાલ** ને સોંગદ ઉપર તપાસેલ છે તેઓએ તેમની સરતપાસમાં જણાવે છે કે,આજથી સત્તર વર્ષ પહેલા તેમને મોટર સાયકલ લઈને જતા હતા ત્યારે અકસ્માત થયેલ અકસ્માત થતા તેમને ઈજા થયેલી અકસ્માત કરનાર કોણ હતો તેની તેમને ખબર નથી. પોલીસે તેમની ફરીયાદમાં શું લખેલ તેની તેમને ખબર નથી. તેમને ફરીયાદ બતાવવામાં આવતા તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે જે ફરીયાદ આંક–૦૫ થી રજુ રાખેલ છે. ફરિયાદી ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય તે ફરી

ગયેલા જાહેર થયેલ છે. બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદી જણાવે છે કે, પોલીસે તેમની ફરિયાદમાં શું લખેલ તેની તેમને ખબર નથી પોલીસ ફરિયાદ તેમને વાંચી સંભળાવેલ નથી. તેમને આરોપી સાથે હાલ કોઈ અણ બનાવ નથી. તેમને કેસ આગળ ચલાવવા માંગતા નથી. ગુલામ હુસેન આજથી ત્રણ વર્ષ પહેલા બીમારીના કારણે અવસાન પામેલ છે આ બાબ તેમને અંગત રીતે જાણે છે. આ ફરિયાદીની જુબાનીનું મૂલ્યાંકન કરતા તેઓએ ફરીયાદપક્ષે સમર્થનકારક જુબાની આપેલ નથી ફરીયાદીને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે ફરિયાદપક્ષ કોઈ મહત્વની કહી શકાય તેવી કોઈ બાબત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૧૧) ઉપરોકત રજૂ થયેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરતા, આંક–૦૪ ના ફરીયાદીની જુબાની જોતા, તેમને મોટર સાયકલ લઈને જતા હતા ત્યારે અકસ્માત થયેલ અકસ્માત થતા તેમને ઈજા થયેલી અકસ્માત કરનાર કોણ હતો તેની તેમને ખબર નથી. ઉલટ તપાસમાં ફરીયાદી જણાવે છે કે, તેમને આરોપી સાથે હાલ કોઈ અણ બનાવ નથી. તેમને કેસ આગળ ચલાવવા માંગતા નથી. ગુલામ હુસેન આજથી ત્રણ વર્ષ પહેલા બીમારીના કારણે અવસાન પામેલ છે આ બાબ તેમને અંગત રીતે જાણે છે. આ કામે તપાસેલ ફરીયાદીએ અકસ્માત કરનાર કોણ હતુ, તેના વાહનનો નંબર શું હતો, તેના ચાલક કોણ હતો તેવી કોઈ હકીકત જણાવેલ નથી. આ કામના ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ નથી. આ કામના ઈજા પામનાર સાહેદ ગુલામ હુસેન આજથી ત્રણ વર્ષ પહેલા બીમારીના કારણે અવસાન પામેલ હોવાની બાબત રેકર્ડ ઉપર આવેલ છે. આ કામમાં ફરિયાદપક્ષ ધ્વારા આંક–૦૫ થી ફરીયાદ અને આંક–૦૬ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ રજુ કરેલ છે આ દસ્તાવેજ જો ધ્યાને લેવામાં આવે તો કોઈ મૂળભૂત પુરાવો છે નહી એક માત્ર આ દસ્તાવેજ રજુ કરેલ હોવાથી આરોપીને આ ગુન્હા સાથે સાંકળી શકાય નહી. આ કામમાં અકસ્માત થયેલ

હોવાનું જણાઈ આવે છે પરંતુ આરોપીજ ધ્વારા અકસ્માત થયેલ હોય તેવું પુરાવાકીય રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ બનાવ સમયે હાલના આરોપીએ પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવેલ હોય તેવી હકીકતને સ્પષ્ટપણે સમર્થન પ્રાપ્ત થયેલ નથી. આ કામમાં ફરીયાદપક્ષ ધ્વારા આંક-૦૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે. આ કામના આક્ષેપીત ગુનાની કલમના મહત્વના તત્વોમાં બેફામપણે અથવા બેદરકારી પૂર્વક કરવામાં આવેલ કૃત્ય છે અને તેવો નિષ્કર્ષ આપવામાં આવે તો જ આ કલમ લાગુ પડી શકે અને વધુમાં ગુનામાં રાખવામાં આવેલી બેદરકારીના તત્વો માટે અનુમાન કરી શકાય નહી પરંતુ બેદરકારી પુરવાર થવી જોઈએ આ કામે રજુ થયેલ પુરાવા ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીપક્ષે આરોપીનો ગુનો કરવાનો ઈરાદો સાબીત કરવો જોઈએ જે રજુ થયેલ પુરાવા ઉપરથી હાલના આરોપી વાહન બેદરકારી અને નિષ્કાળજીપૂર્વક વાહન હંકારતાં હોવાની તેમજ પુરઝડપે ચલાવતાં હોવાની અને આરોપીનું ગુન્હાહિત માનસ હોવાની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.જાહેર માર્ગ ઉપર માનવ જીંદગી જોખમાય અથવા કોઈને ઈજા થાય તેવી સંભાવના હોય તથા વાહન ચાલક પોતાનું વાહન બેદરકારી પૂર્વક કે,બેફામપણે ચલાવતા હતાં તેટલી હકીકત પુરવાર થાય તો જ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯ હેઠળનો ગુનો સાબીત થયો ગણાય. આ કામે આરોપીએ બેફીકરાઈ, બેદરકારી અને ગફલતભરી રીતેથી વાહન ચલાવેલ હોય તેવું પુરવાર થતું નથી. આ કામે પુરતાં પુરાવાનો અભાવ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે અને પુરતા પુરાવાનો અભાવ હોય ત્યારે તે સંજોગોમાં આરોપીને સજા કરી શકાય નહી તેમ મારું નમ્ર પણે માનવું છે.આ કામના આરોપી પોતાનું વાહન પુરઝડપે ચલાવતા હતાં તે હકીકત નિ:શંકપણે પુરવાર થયેલ નથી અને આરોપીની રેસ એન્ડ નેગ્લીજન્સી નિ:શંકપણે સાબીત થયેલ નથી અને તે સંજોગોમાં આરોપીએ પોતાના કબજાની આઈસર ગાડી નં.જી.આર.એન.૫૬૦૧ ની

ઈસનપુર ચાર રસ્તા પાસે નરોડા તરફથી પુરઝડપે બેદરકારી ગફલતભરી રીતે ચલાવી લાવી પસાર થતા ફરીયાદી સ્પેન્ડર નં.જીજે–૧–સીએમ–૯૭૪૨ ના ચાલકને ટકકર મારતા ફરીયાદીને જમણા હાથના બાવળા ઉપર ફ્રેકચર કરેલ તથા જમણી આંખે તથા જમણા પગના ઢીચણ પર તથા સાહેદ નં.૭ ગુલામ હુસેન ને માથાના ભાગે ઈજા કરેલ હોય તેવી હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર–૨ અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુ ક મ</u> :–**

(૧) આ કામના આરોપી **હસનભાઈ રસુલભાઈ મનસુરી** નાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે **<u>ભારતીય દંડ સહિતાની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪,૧૩૪(બી)</u>** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી **<u>નિર્દોષ ઠરાવી</u>** છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના અગાઉના બેઈલ બોન્ડ રદ્દ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાય અનુસાર આ હુકમ સામે ઉચ્ચ અદાલતમા અપીલ કે પીટીશન થયેથી જે તે અદાલત સમક્ષ હાજર રહેવા માટે રૂા.૫૦૦૦/–ના નવા જામીનખત રજુ કરવા.

આજ તારીખ–૧૬મી માહે–એપ્રિલ સને–૨૦૨૨ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તારીખ:–૧૬/૦૪/૨૦૨૨
સ્થળ:–અમદાવાદ.

(દિલીપસિંહ બી. ગોહીલ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર–૧૯,અમદાવાદ.
UIC NO.GJ00757

**કોર્ટના કર્મચારીશ્રીઓએ કરવાના કાર્યો અંગે હુકમ.**

(૧) અત્રેની અદાલતમાં અપલોડની કામગીરી સંભાળતાં કર્મચારીશ્રીએ સદર હુકમ અદાલતમાં જાહેર થયા મુજબ યોગ્ય રીતે ચેક વેરીફાઈ કર્યા બાદ અપલોડની કાર્યવાહી તાત્કાલીક કરવી.

(૨) બોર્ડ કલાર્કશ્રીએ સદર કેસ/અરજી ચેક વેરીફાઈ કરવી.

(૩) રજીસ્ટ્રીએ નિયમોનુસાર હુકમ મુજબ આગળની કાર્યવાહી કરી સદર કેસ રેકર્ડ રૂમમાં મોકલવી આપવો.

તારીખ:-૧૬/૦૪/૨૦૨૨
સ્થળ :-અમદાવાદ.

(દિલીપસિંહ બી. ગોહીલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર-૧૯, અમદાવાદ.

| ક્રમ | વિગત | કર્મચારીની સહી |
|---|---|---|
| ૧ | ચુકાદો અદાલતમાં જાહેર થયા મુજબ ચેક વેરીફાઈ કર્યા બાદ અપલોડની કાર્યવાહી કરેલ છે. | |
| ૨ | ચુકાદો આખો ચેક વેરીફાઈ કરેલ છે. | |
| ૩ | હુકમ મુજબ આગળની કાર્યવાહી કરેલ છે. | |